| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Gujarat Mitra | 09 | 31-05-2014 |

# એસ્સાર ફ્રિડમ કપઃ સુરતમાં કાલે પ્રથમવાર વિકલાંગો માટે ક્રિકેટ ટુર્નામેન્ટ

એસ્સાર સ્ટીલ ઇન્ડિયા લિમિટેડ, હજીરા અને એસ્સાર ફાઉન્ડેશનના ઉપક્રમે વિકલાંગ કલ્યાણ સોસાયટી ટ્રસ્ટ, સુરતના સહયોગથી તા. ૧લી જુનના રવિવારે ભાણકી સ્ટેડિયમ, મોરા ભાગળ ખાતે વિકલાંગ યુવકો માટે એસ્સાર ફ્રિડમ કપ-ક્રિકેટ ફેસ્ટિવલનું આયોજન થયું છે. વિકલાંગો મુખ્ય પ્રવાહમાં ભળી શકે એ માટે એસ્સાર ફાઉન્ડેશને સુરતમાં પ્રથમ વાર પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે ઓડિયો ડિસ્ક્રિપ્શન ટેકનોલોજીથી ફિલ્મ સ્ક્રીનિંગ યોજ્યું હતું. સુરતમાં વિકલાંગો માટેની આ પ્રકારની ક્રિકેટ ટુર્નામેન્ટ પણ પ્રથમવાર યોજાઇ રહી છે. નોક આઉટ પ્રકારની આ ટુર્નામેન્ટમાં સુરત સહિત ગુજરાતની ચાર ટીમો ટકરાશે જેમાં તમામ ખેલાડીઓ વિકલાંગ હશે. રવિવારે સાંજે ચાર કલાકે વિજેતા ટીમ અને ઉપવિજેતા તેમજ સ્ટાર ખેલાડીઓના સુરતના પોલીસ કમિશનર રાકેશ અસ્થાના અને સુરત સિટિ પ્રાંત ઓફિસર એમ. એમ. પાધીના વરદ હસ્તે ઇનામ-ટ્રોફી એનાયત થશે.